પત્રિકા
૨૦૦

# ચિરાગે હિદાયત

૦૩/૦૩/૧૯
૨૫ જ.સાની

## ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુર માટે દુઆનું મહત્વ

હઝરત ઈમામ બાકિર(અ.સ.)એ તેમના એક સહાબીને ફરમાવ્યું, "શું હું તમને એવી વસ્તુ વિશે જણાવું જેમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ કોઈ અપવાદ નથી રાખ્યો?" સહાબીએ કહ્યું "જરૂર ઈરશાદ ફરમાવો."

આપ(અ.સ.)એ કહ્યું, "દોઆ કે જે હતમી કઝા (અટલ ફેંસલા)ને બદલી નાખે છે."

દોઆની પોતાની અસર છે. દોઆ હંમેશા અસરકારક છે.

અલ્લામા મજલીસી(અ.ર.) લખે છે કે "આપણે બદા (તકદીરમાં ફેરફાર) ઉપર ઈમાન રાખવું જોઈએ. દરેક દિવસે અલ્લાહની એક શાન હોય છે. તે જે ચાહે છે તે ભૂંસી નાખે અને જે ચાહે છે તે લખી નાખે છે. કઝા અને કદરનું એક કારણ દુઆ છે અને આજ કારણે દુઆ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે."

ઈમામ સાદીક(અ.સ.) ફરમાવે છે "દોઆ કરો અને એમ ન કહો કે જે કંઈ થવાનું હતું તે થઈ ગયું છે અને જે તકદીરમાં છે તે જ થવાનું છે."

દોઆ કઝાને હટાવી દે છે અને રોકી દે છે. જેવી રીતે બળપ્રયોગથી મોટા દોરડાના વળ ખુલ્લી જાય છે.

અઝીઝો! ઈમામ(અ.સ.)નો ઝુહુરનો સમય પણ એ બાબતોમાંથી છે જેમાં બદા (ફેરફાર) થઈ શકે છે. એટલે નકકી થયેલી મુદ્દતમાં ફેરફાર થઈ શકે છે, અને ઝહુરની દુઆ માટે ખુદ ઈમામ(અ.સ.)એ આપણને તાકીદ કરી છે.

શાએરે એહલેબૈત સૈયદ હિલ્લાવીએ એક કસીદામાં શીઆઓની પરેશાનીનું વર્ણન કર્યું છે અને શીઆઓના દર્દ, ગમ, મસાએબ અને તકલીફોને ઈમામે ઝમાના(અ.સ.)ની ખિદમતમાં રજુ કર્યા છે. તેઓ આ કસીદો ઘણી જગ્યાએ પડતા. ઈમામે ઝમાના(અ.સ.)એ નજફે અશરફના એક બુઝુર્ગ આલીમે દીનને સ્વપનમાં ફરમાવ્યું કે “સય્યદ હિલ્લાવીને કહો કે આ રીતે શીઆઓના મસાએબને બયાન કરીને મારા દીલને ન દુખાવે, અલ્લાહ પાસે દુઆ કરો અને મારા જલ્દી ઝહુર થવાની વિનંતી કરો આ અલ્લાહના ઈખ્તેયારમાં છે.”

અઝીઝો! આ આપણા ઝમાનાના ઈમામ(અ.સ.) છે જેઓ આપણા ગમથી ગમગીન, આપણી તકલીફો, દર્દને તેઓ મેહસુસ કરે છે અને ચાહે છે કે આપણા બધા જ ગમો દુર થઈ જાય તેથી આપણને તેમના ઝહુરની દુઆ કરવાનું કહી રહ્યા છે. પણ આપણને તેમની ગેરહાજરીનો એહસાસ નથી, ગયબત જે એક મોટી મેહરૂમી છે તેનાથી આપણે ગાફિલ છીએ.

*** ઈમામ(અ.સ.)ના જલ્દી ઝહુરની દુઆઓની અસરોઃ**

ઈમામ(અ.સ.)ના જલ્દી ઝહુરની દુઆઓની ઘણી અસરો છે. જેમ કે ગુનાહોની મગફેરત, નેઅમતોનું નાઝીલ થવું, બલાઓનું દૂર થવું. લાંબુ આયુષ્ય, તંદુરસ્તી, રિઝ્ક, જન્નત, આલે મોહમ્મદ (અ.મુ.સ.)ની શફાઅત, કયામતના મૈદાનમાં તરસથી છુટકારો વિગેરે.

*** દુઆની બરકતથી વંચિતતાઃ**

અમુક લોકો કહે છે કે જયારે અલ્લાહ ચાહશે ત્યારે ઈમામ(અ.સ.) આવશે અને બીજું એમ કહે છે આપણે તો ગુનેહગાર છીએ આપણે કયાં ઈમામ(અ.સ.) માટે દોઆ કરીએ. આપણે તેને લાયક નથી.

તો અઝીઝો! આ બધા શેતાની વિચારો છે. જે દોઆની બરકતથી વંચિત કરી દે છે. બેશક અલ્લાહ ચાહશે ત્યારે ઈમામ(અ.સ.)નો ઝુહુર થશે પરંતુ આપણી દોઆઓ ઝહુરના સમયને નઝદીક કરી શકે છે, અને બીજું કે ઈમામે ઝમાના(અ.સ.) કંઈ ફકત મુત્તકી અને પરહેઝગારોના જ ઈમામ નથી. આપ(અ.સ.) બધા ઉપર હુજ્જત છે. આપ(અ.સ.)એ સુરજ સમાન છે જેની ગરમી અને પ્રકાશ દરેકના માટે છે. કોઈ ખાસ વ્યક્તિ કે કૌમ માટે જ ખાસ નથી કે કોઈ સમુહના જ ઈમામ નથી બલ્કે કાએનાતના ઈમામ છે, અને ઈમામ(અ.સ.)ના ઝહુર માટે દોઆ કરવી દરેક વ્યક્તિની જવાબદારી છે.

* હઝરત ઈમામ હસને મુજતબા(અ.સ.)એ એક સ્વપ્નમાં આયતુલ્લાહ મીર્ઝા મોહમ્મદ બાકીર ફકીહ ઈમાનીને ફરમાવ્યું "મીમ્બર વડે લોકો સુધી આ પયગામ પહોંચાડી દયો અને તેઓને આ હુકમ આપો કે તેઓ તૌબા કરે અને હઝરત હુજ્જત(અ.સ.)ના ઝહુર માટે દુઆ કરે. કારણ કે આ નમાઝે મય્યતની જેમ વાજીબે કિફાઇ નથી કે કોઇ એક પઢી લો તો વાજીબાત અદા થઇ જાય, બલ્કે આ રોજની પંજગાના નમાઝની જેમ છે કે દરેક ઇન્સાન ઉપર વાજિબ છે કે ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુર માટે દોઆ કરે." *(મિકયાલુલ મકારીમ, ભાગ-૧, પેજ નં.૪૩૮, સહીફએ મહદીય્યાહ, પેજ નં.૫૧)*

અઝીઝો! વિચારીયે કે દિવસ દરમિયાન કેટલી વાર ઈમામ(અ.સ.)ને યાદ કરીને તેમના માટે દુઆ કરીએ છે? અને જ્યારે યાદ કરીએ છીએ તો પણ એવી શિદ્દત અને તડપીને કે રોઈને નથી કરતા જેવી આપણે આપણા કોઈ અઝીઝની જુદાઈમાં કરતા હોઈએ છે. કારણ કે આપણી મોહબ્બતમાં કમી છે, આપણે ઈમામ(અ.સ.)ના ઝહુરને દૂર સમજયે છે. જયારે કે રિવાયતોમાં છે કે ઈમામ(અ.સ.)નો ઝહુર અચાનક થશે.

અફસોસ છે અઝીઝો! આપણા દ્વારા ઈમામ(અ.સ.)ના ઝુહુરની દુઆમાં ઢીલ કરવી અને ઈમામ(અ.સ.)ની મોહબ્બત માત્ર ઝબાની દાવામાં કઈ રીતે બયાન કરીએ છીએ?

* એક શખ્સને મસ્જીદે જમકરાનમાં હઝરત વલીએ અસ્રની મુલાકાત થઇ, તેઓ બયાન કરે છે જયારે હું મસ્જિદમાંથી બહાર નીકળ્યો તો મારી મુલાકાત એક નૂરાની સૈયદથી થઇ જયારે મને વિચાર આવ્યો કે ગરમીમાં તેઓ તરસ્યા હશે. તેથી મેં તેમની ખિદમતમાં પાણી આપતા કહ્યું કે "આપ આ પાણી પીને ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુર માટે દુઆ કરજો."

તેમણે ફરમાવ્યું, "મારા શીઆઓને પાણીની જરૂરિયાત જેટલી પણ મારી જરૂરત નથી અગર તેઓ મને ચાહતા હોત તો મારા ઝહુર માટે જરૂર દુઆ કરતા."

અઝીઝો! આપણી દરમિયાન એવા મહિનાઓ આવી રહ્યા છે જેમાં દુઆઓ કબૂલ થાય છે તો ઈમામ(અ.સ.)ની ઝહુરની દુઆને ન ભુલીએ અને આપણી દુઆઓમાં સૌથી પહેલાં ઈમામ(અ.સ.) માટે દુઆ કરીએ. જે હકીકતમાં કાએનાતના ઝર્રા ઝર્રા માટે દુઆ છે. કારણ કે ઈમામ(અ.સ.)ના ઝહુર પછી આપ(અ.સ.)ની આદેલાના હુકુમતને તમામ લોકો માનશે અને તેમના રહેમ અને કરમથી ફૈઝ હાંસિલ કરશે.